GJAN040009122011

| | |
|---|---|
| રજુ કર્યા તારીખ : | ૦૫/૦૮/૨૦૧૧ |
| દાખલ તારીખ : | ૦૫/૦૮/૨૦૧૧ |
| ફેંસલ તારીખ : | ૦૩/૦૭/૨૦૨૬ |

| સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૧૪ | ૧૦ | ૨૯ |

==================================================

**બોરસદના મહે.એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.બોરસદ.**

==================================================

**ફોજદારી કેસ નં.૧૪૧૯/૨૦૧૧**

આંક–

ફરીયાદી : શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી :– અંબાલાલ ડાહ્યાભાઇ પરમાર,
રહે.જંત્રાલ ખોડીયાર સીમ,
તા.બોરસદ, જી.આણંદ.

==================================================

**ગુનો :–** ઇ.પી.કો કલમ–૪૦૬,૪૨૦,૪૦૩,૪૨૪,૩૮૪,૧૨૦(બી),૧૧૪ મુજબ.

==================================================

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એ.દવે
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી જે.એસ.પંચાલ

==================================================

## -: ચુકાદો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના કોલમ નં.૧ તથા ૨ માં જણાવેલ આરોપીએ સને ૨૦૦૭ ની સાલ દરમ્યાન મોજે કણભા ગામે ફરીયાદીને આણંદ ચીખોદરા ટ્રેકટર્સ કંપનીમાંથી લોન ઉપર ટ્રેકટર આપવાનું કો.નં.૧ માં જણાવેલ આરોપીએ જણાવી તે પેટે જરૂરી ડોકયુમેન્ટ તથા રૂપિયા ૨૦,૦૦૦/- લઈ ફરીયાદીને મેસી ફગ્યુશન કંપીનીનું ટ્રેકટર અપાવી તે ટ્રેકટર બે-ચાર દિવસ પછી પાર્સીગ કરાવવાનું જણાવી લઈ જઈ તે આર.ટી.ઓ કચેરી આણંદ તરફથી રજીસ્ટ્રેશન નં.જીજે.૨૩.બી.૪૪૮૯ થી પાસ કરાવી ફરીયાદીને પાછુ નહી આપી તે ટ્રેકટર સાહેદ નં.૯ નાઓને રૂપિયા ૩,૮૦,૦૦૦/- માં વેચાણ આપી જેનું કાવતરુ રચીને નાણાં પોતાના ઉપયોગમાં વાપરી ફરીયાદીના નામની એલ.એન.ટી કંપનીમાં લોન કરાવી ફરીયાદી સાથે ગુનાહિત વિશ્વાસઘાત ઠગાઈ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ઈ.પી.કો કલમ-૪૦૬,૪૨૦,૪૦૩,૪૨૪,૩૮૪, ૧૨૦(બી),૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ વિરસદ પો.સ્ટે.એમ.કેસ નં.૧/૨૦૧૦ થી નોંધાવતા ગુનાના ત.ક.અધિકારીએ ગુનાની તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ તપાસને અંતે હાલનું ચાજશીટ કરેલ છે.

(૨) સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી ગુનાની કબુલાત બાબતે આરોપીનો પ્રાથમિક જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતા હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૧૯ | ફરીયાદી ભારતભાઇ બબુભાઇ પરમારની જુબાની |
| ૨ | ૨૦ | ફરીયાદ |
| ૩ | ૩૧ | સાહેદ રાજેન્દ્રભાઇ મનોહરભાઇ ભાટીયાની જુબાની |
| ૪ | ૩૨ | સાહેદ મનુભાઇ આશાભાઇ પરમારની જુબાની |
| ૫ | ૩૩ | સાહેદ દિલીપભાઇ ભારતભાઇ પરમારની જુબાની |
| ૬ | ૩૪ | સાહેદ વિજયસિંહ સામંતભાઇ પઢીયારની જુબાની |
| ૭ | ૩૫ | સાહેદ કેસરીસિંહ અમરસિંહ ઠાકોરની જુબાની |
| ૮ | ૩૭ | સાહેદ નરસિંહભાઇ દલજીભાઇ ચૌધરીની જુબાની |
| ૯ | ૩૮ | સાહેદ રમેશભાઇ પાચાભાઇ મકવાણાની જુબાની |
| ૧૦ | ૪૦ | ત.ક.અમલદાર મુસ્તુફાભાઇ ગુલામનબીની જુબાની |
| ૧૧ | ૪૧ | સાહેદ કે.ડી.પ્રજાપતિની જુબાની |

(૪) ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક–૪૯ થી પુરાવાબંધની પુરસીસ આપેલ છે, ત્યારબાદ વિ.એપીપીશ્રી તરફે મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓ વિરુધ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે.

સદર કામે વિ.એપીપીશ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાલના કામે ફરીયાદી તથા ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની વંચાણે લેવામાં આવે તો, આ કામે આરોપીએ કોલમ નં.ર માં જણાવેલ આરોપી સાથે મળી જઇ કાવતરુ રચી ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોવાની હકીકત ફરીયાદીની પોતાની જુબાનીથી પુરવાર થાય છે અને આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં આરોપીને લાભ થાય તેવી કોઇ હકીકત જાહેર થયેલ નથી. આમ, ફરીયાપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સંપુર્ણપણે સફળ રહેલ હોય આરોપીને કાયદામાં ઠરાવવામાં આવેલ મહત્તમ શિક્ષા કરવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદીની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓની પોતાની જુબાનીમાં

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી ટ્રેકટરના શો રુમમાં સેલ્સમેન તરીકે કામ કરતા હતા અને આ કામના ફરીયાદીએ ટ્રેકટર ખરીદવાનું હોય શો રુમ ઉપર સંપર્ક કરેલ અને આરોપી સેલ્સમેન તરીકે કામ કરતા હોય, આરોપી તે મુજબની કામગીરી કરેલ અને આ ટેકટર મેળવવા માટે ફરીયાદીએ એલ એન્ડ ટી ફાયનાન્સ કંપનીમાંથી લોન મેળવેલ અને તેના હપ્તા ભરપાઇ કરેલ નહી, આ ઉપરાંત ફરીયાદી ટ્રેકટરનું પાર્સીંગ નહી કરાવતા તે ટ્રેકટર શો રુમ ધ્વારા પરત લેવામાં આવેલ અને ફરીયાદીએ ફરીયાદમાં જે આક્ષેપો કરેલા છે તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ કોઇ સાહેદોએ સમર્થન કરેલ નથી, આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(પ) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

**મુદ્દા નં.૧,** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના કોલમ નં.૧ તથા ર માં જણાવેલ આરોપીએ સને ર૦૦૭ ની સાલ દરમ્યાન મોજે કણભા ગામે ફરીયાદીને આણંદ ચીખોદરા ટ્રેકટર્સ કંપનીમાંથી લોન ઉપર ટ્રેકટર આપવાનું કો.નં.૧ માં જણાવેલ આરોપીએ જણાવી તે પેટે જરુરી ડોકયુમેન્ટ તથા રૂપિયા ર૦,૦૦૦/- લઇ ફરીયાદીને મેસી ફગ્યુશન કંપીનીનું ટ્રેકટર અપાવી તે ટ્રેકટર બે-ચાર દિવસ પછી પાર્સીંગ કરાવવાનું જણાવી લઇ જઇ તે આર.ટી.ઓ કચેરી આણંદ તરફથી રજીસ્ટ્રેશન નં.જીજે.ર૩.બી.૪૪૮૯ થી પાસ કરાવી ફરીયાદીને પાછુ નહી આપી તે ટ્રેકટર સાહેદ નં.૯ નાઓને રૂપિયા ૩,૮૦,૦૦૦/- માં વેચાણ આપી જેનું કાવતરુ રચીને નાણાં પોતાના ઉપયોગમાં વાપરી ફરીયાદીના નામની એલ.એન.ટી કંપનીમાં લોન કરાવી ફરીયાદી સાથે ગુનાહિત વિશ્વાસઘાત ઠગાઇ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ઇ.પી.કો કલમ-

૪૦૬, ૪૨૦, ૪૦૩, ૪૨૪,૩૮૪, ૧૨૦(બી),૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. ?

**મુદા નં.ર,** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં

ર. આખરી હુકમ મુજબ

## *નિર્ણય અંગેના કારણો*

**મુદા નં.૧ :**

(૭) આ કામના આરોપી સામે જયારે ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬,૪૨૦,૪૦૩,૪૨૪,૩૮૪,૧૨૦(બી),૧૧૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાપક્ષે તે ગુના સાબિત કરવા માટે રેકર્ડ પરના પુરાવાથી નીચે મુજબના તત્વો સાબિત કરવાના છે.

**ઇ.પી.કો કલમ–૪૦પ, ગુનાહિત વિશ્વાસઘાત :–**

કોઇ પણ વ્યકિતને, પોતાને કોઇ પણ રીતે કોઇ મિલ્કત કે મિલ્કત પરનો અધિકાર સોંપાયો હોય અને મિલ્કતની ઉચાપત કરે અથવા તેને પોતાનો ઉપયોગમાં લઇ લે અથવા એવા ટ્રસ્ટનો અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા કાનુની આદેશનું અથવા એવા ટ્રસ્ટને સ્પર્શતા પોતે કરેલા કોઇ સ્પષ્ટ કે ગર્ભીત કાનુની કરારના આદેશનું ઉલ્લંઘન કરીને તે મિલ્કતની અપ્રમાણીકપણે ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઇ લે અથવા જાણી બુઝીને અન્ય વ્યકિતને તેમ કરવા દે તે ગુનાહિત વિશ્વાસઘાત કરે છે.

**ઇ.પી.કો કલમ–૪૦૬ :– ગુનાહિત વિશ્વાસઘાત માટે સજા**

કોઇ પણ વ્યકિત, ગુનાહિત વિશ્વાસઘાત કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**<u>તત્વો</u>**

૧. આરોપીને કોઇ મિલ્કત સોંપવામાં આવી હતી,

૨. આરોપીનો તે મિલ્કત પર તે મુજબ અધિકાર હતો,

૩. આરોપીએ તે મિલ્કતની ઉચાપત કરી અથવા તેને પોતાના ઉપયોગમાં લીધી અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુઝીને લેવા દીધી,

૪. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ.

૫. આરોપીએ આવુ કૃત્ય અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા કાનુની આદેશ વિરુધ્ધ કર્યુ અથવા કોઇ ટ્રસ્ટની મિલ્કત હોય ત્યારે તે મિલ્કતને લગતા સ્પષ્ટ અથવા કોઇ ગર્ભીત કાનુની કરારના આદેશનું ઉલ્લંઘન કરીને આરોપીએ આવૃ કૃત્ય કર્યુ.

**<u>ઇ.પી.કો કલમ–૪૨૦:–ઠગાઇ અથવા અપ્રમાણિકપણે મિલ્કત સોંપવા લાલચ આપવી.</u>**

કોઈ પણ વ્યક્તિ, ઠગાઈ કરે તથા તેમ કરીને કોઈને મિલકત આપી દેવા અથવા કોઈ કીમતી જામીનગીરી અથવા સહી કે સિક્કો કરેલી તથા કીમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી કોઈ વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે કરી આપવા, તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યક્તિને અપ્રમાણિકપણે લલચાવે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**તત્વો**

૧. આરોપીએ ફરીયાદી સાથે ઠગાઇ કરી,

૨. આરોપીએ આવૃ કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ.

૩. આરોપીએ અપ્રમાણિકપણે છેતરાયેલી વ્યકિતને લલચાલવીને કોઇ મિલ્કત આપી દેવા અથવા કોઇ કિંમતી જામીનગીરી અથવા સહી કે સીકકો કરેલી ચીજ જેને કીમંતી જામીનગીરીમાં પરિવર્તીત કરી શકાય તેવી વસ્તુ સંપુર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઇ કરી, અથવા

૪. આરોપીએ તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણિકપણે લલચાવી.

**ઇ.પી.કો કલમ–૪૧૫:–ઠગાઇ**

કોઈ પણ વ્યક્તિ, કોઈ અન્ય વ્યક્તિને છેતરીને, તેને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ મિલકત કોઈની પાસે રહેવા દેવાની સંમતિ આપવા કપટપૂર્વક અથવા અપ્રમાણિકપણે લલચાવે અથવા તે અન્ય વ્યક્તિ છેતરાઈ ન હોત અને જે ન કરત તે કરવા અથવા જે કરત તે ન કરવા ઈરાદાપૂર્વક લલચાવે અને જો એવા કૃત્ય અથવા કાર્યલોપથી તે અન્ય વ્યક્તિના શરીર, મન, પ્રતિષ્ઠા કે મિલકતને નુકસાન અથવા હાનિ થાય અથવા થવાનો સંભવ હોય તો તેણે 'ઠગાઈ' કરી કહેવાય.

**તત્વો**

૧. આરોપીએ કોઈ વ્યક્તિને છેતરીને તેને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ મિલકત કોઈની પાસે રહેવા દેવાની સંમતિ મેળવી,

૨. આરોપીએ એવું કૃત્ય તે વ્યક્તિને લલચાવીને છેતરવા માટે કર્યું હતું,

૩. નુકસાન પામનાર વ્યક્તિ તેવી લાલચના કારણે અમુક રીતે વર્તે અને તેથી છેતરપિંડીનો ભોગ બને,

૪. આરોપીએ આવું કૃત્ય ઈરાદાપૂર્વક અથવા કપટપૂર્વક કર્યું અથવા અપ્રમાણિકપણે કર્યું,

૫. આવું કૃત્ય અથવા કાર્યલોપ આરોપીએ કર્યો તે કારણે તે વ્યક્તિને તેના શરીર, મન, મિલકત અથવા પ્રતિષ્ઠાને નુકસાન અથવા હાનિ થાય તેવા પ્રકારનું હતું.

**ઇ.પી.કો કલમ–૪૦૩:– અપ્રમાણિકપણે મિલ્કતની ઉચાપત.**

કોઇ પણ વ્યકિત, અપ્રમાણિકપણે કોઇ જંગમ મિલકતની ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લે તેને બે વર્ષ સુધીની કોઇ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**તત્વો**

૧. નુકશાન વેઠનાર વ્યકિતની માલીકીની અથવા તેના કબજામાં જંગમ મિલકત હતી

૨. આરોપીએ તે જંગમ મિલકતની ઉચાપત કરી અને પોતાના ઉપયોગમાં લીધી.

૩. આવૃ કૃત્ય આરોપીએ અપ્રમાણિકપણે કર્યુ.

**<u>ઈ.પી.કો કલમ—૪૨૪:— અપ્રમાણિકપણે અથવા કપટથી મિલ્કત ખસેડવી કે છુપાવવી.</u>**

કોઈ પણ વ્યક્તિ, પોતાની અથવા અન્ય કોઈ વ્યક્તિની મિલકત અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક છુપાવે અથવા ખસેડે અથવા છુપાવવામાં અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક સહાય કરે અથવા પોતાને જે હક્ક હોય તેવી માંગણી અથવા દાવો અપ્રમાણિકપણે જતો કરે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**તત્વો**

૧. આરોપીએ પોતાની અથવા અન્ય કોઇ વ્યકિતની મિલકત ખસેડી અથવા છુપાવી અથવા તેમ કરવામાં મદદગારી કરી,

૨. આવુ કૃત્ય આરોપીએ કપટપુર્વક અથવા અપ્રમાણિકપણે કર્યુ.

૩. પોતાને જે હકક હોય તેવી માંગણી અથવા દાવો આરોપીએ અપ્રમાણિકપણે જતો કર્યો.

**<u>ઈ.પી.કો કલમ—૩૮૪ :— બળજબરીથી પડાવી લેવા માટે સજા</u>**

કોઇ પણ વ્યકિત બળજબરીથી પડાવી લેવાનો ગુનો કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**તત્વો**

૧. આરોપીએ ભોગ બનનાર વ્યકિતને ઈજાના ભયમાં મુકી અથવા અન્ય વ્યકિતને ઈજા કરવાના ભયમાં મુકી,

૨. આરોપીએ એવુ કૃત્ય ઈરાદાપુર્વક કર્યુ,

૩. આરોપીએ આવૃ કૃત્ય કોઇ મિલ્કત, કીંમતી જામીનગીરી અથવા કોઇ પણ પદાર્થ કે જેના પર સહી અને મહોર મારવામાં આવી હોય અને તેને કીંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી ચીજ આપી દેવા માટે આરોપીએ આવુ કૃત્ય કર્યુ.

**<u>ઇ.પી.કો કલમ–૧૨૦(બી) :– ગુનાહિત કાવતરા માટે સજા.</u>**

– કોઇ પણ વ્યકિત દેહાંતદંડ, આજીવન કેદ અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખત કેદની સજાને પાત્ર ગુનો કરવાના ગુનાહીત કાવતરામાં સામેલ હોય અને એવા કાવતરાની સજા માટે આ સંહિતામાં સ્પષ્ટ જોગવાઇ કરવામાં ન આવી હોય ત્યારે એવા ગુનામાં મદદગારી કરી હોય તે રીતે સજા કરવામાં આવશે.

– કોઇ પણ વ્યકિત ઉપર જણાવ્યા સીવાયનો સજાપાત્ર ગુનો કરવા માટેના ગુનાહીત કાવતરામાં સામેલ હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**તત્વો**

૧. આરોપીએ અન્ય આરોપી કે આરોપીઓ સાથે સહમતિ કરી,

૨. આ કાવતરુ ગેરકાનુની કૃત્ય અથવા એક કાનુની કૃત્ય ગેરકાનુની રીતે કરવા અથવા કરાવવા માટે કરવામાં આવ્યુ.

૩. જે કૃત્ય કરવા અથવા કરાવવા કાવતરુ કરવામાં આવ્યુ હોય તે કૃત્ય આ સંહિતા હેઠળ શિક્ષાપાત્ર હોય, અને

૪. આવુ કૃત્ય ગુનો બનતો હોય ત્યારે એક અથવા વધારે આરોપીઓએ કશુંક કૃત્ય કાવતરાના અનુસંધાને કર્યુ હતુ.

**<u>ઇ.પી.કો કલમ–૧૧૪ :– ગુનો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી.</u>**

પોતે હાજર ન હોય અને પોતે કરેલી મદદગારીના પરીણામે થયેલા જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઇ વ્યકિત સજાને પાત્ર થાય તેવુ કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.

(૮) ફરીયાદપક્ષ તરફે આંક–૧૯ થી ફરીયાદી ભારતભાઇ બબુભાઇ પરમારનાઓને સોગંદ ઉપર તપાસતા તેઓ પોતાના મૌખિક પુરાવામાં જણાવે છે કે, તેઓનું ખેતર જંત્રાલ વાળા રોડ પર આવેલ હોય ત્યાં તેઓ બળદથી ખેતી કરતા હતા તે સમયે જંત્રાલ ગામના અંબાલાલ ડાહ્યાભાઈ પરમાર તેઓના ખેતર પાસે રોડ પર થઈને નીકળેલા જે અંબાલાલભાઈ નામદાર કોર્ટમાં હાજર નથી તેમને જોયેથી ઓળખી બતાવે છે. તે વખતે તે તેમના ખેતરમાં તેઓની પાસે પાણી પીવા માટે ઉભા રહેલા. તેઓએ તેમને પાણી પીવડાવેલ અને તેમણે તેમની સાથે વાતચીતો કરેલી તેમણે તેમને કહેલુ કે કાકા તમે આ બળદની ખેતી કરો છો તેના બદલામાં બે ભેંસો રાખો તો તમારે દુધનો વધારો થાય તેમને તેમને કહેલ કે, તમારી નજીકની કઈ બેંક છે તો તેઓએ કહેલ કે કઠાણાની બેંક છે તેણે તેમને એવું કહેલ કે તમે મને તમારા ખેતરની સાતબાર ની નકલ બતાવો તો હું તમને ટ્રેકટર અપાવુ તેણે તેમને મેસીફગ્યેશન ટ્રેકટર આપાવવાનું કહેલુ ત્યાર બાદ તે ત્યાથી જતા રહેલા, તેઓએ તેમની સાતબારની નકલ કઢાવેલ તેના બીજા ત્રીજા દીવસે આ અંબાલાલ તેઓના ખેતરે ફરી આવેલા જેથી તેઓએ તેમના ખેતરે થી ગામમાં તેઓના ઘરે આવેલા પછી તેઓ અંબાલાલભાઈના બાઈક પર બોરસદ આવેલા અમે બોરસદ મામલતદાર કચેરીએ સાતબારની નકલો કઢાવેલી અને બીજી ફેરફારની નકલો કઢાવવા માટે બીજી અરજીથી આપેલી પછી તેમને ઘરે ગયેલા, ઘરે ગયા પછી અંબાલાલભાઈએ તેઓની પાસે તેમનું ચુટણી કાર્ડ માંગેલ અને જામીનદારની સાતબારની નકલ અને ચુંટણીકાર્ડ માંગેલ, તેઓના જામીનદાર તરીકે સોમાભાઈ બાબુભાઈ ચાવડા હતા. તેઓ અને તેમના જામીનદાર તેમના સાતબાર અને ચુંટણીકાર્ડ અંબાલાલભાઈને આપેલા. અને આ અંબાલાલભાઈ તેમની પાસે બેંક ઓફ ઈન્ડીયાના કઠાણા શાખાના તેમના શાખાની ચેક બુક હતી તે માંગેલી તેમની તે ચેક બુકમાં ૧૮–૧૯ ચેક હતા જેમાં તેમણે ચેકો ફાડી લીધા બાદ તેઓએ જોતા બે જ ચેક રહેલા. આમ અંબાલાલભાઈ તેઓની પાસેથી સાતબારના ઉતારા, અસલ ચુટણી કાર્ડ અને ચેકો લઈ ગયેલા અને પછી બીજા દીવસે તેમને ટ્રેકટર લેવા માટે રાસ બોલાવેલ જેથી તેઓ અને તેમનો દીકરો મનુભાઈ રાસ બસ સ્ટેન્ડે ગયેલા અને તે સમયે આ અંબાલાલભાઈ એટલે કે આરોપી રાસ બસ સ્ટેન્ડે

ભેગા થયેલા ત્યાથી આ અંબાલાલના બાઈક પર તેઓ તથા તેમનો દીકરો અંબાલાલ સાથે આણંદ ચીકોદરા ચોકડીએ ટ્રેકટરના શો રુમ પર ગયેલા તેઓને ટ્રેક્ટર લેવા જવાનું હતુ ત્યારે અંબાલાલે રૂ.૨૦,૦૦૦/- રુપિયા મંગાવેલ હોય તેઓએ તે પૈસા સાથે આણંદ સો રૂમ પર ગયેલા જે પૈસા તેઓએ અંબાલાલને આપેલા, સો રુમમાથી અંબાલાલે તેમને ટ્રેકટર અપાવેલ. શો રુમ પર કંપનીના માણસો કોણ હતા તેમના નામઠામની તેમની ખબર નથી. જેથી શો રુમમાંથી તેમને ટ્રેકટર મળતા તેઓ તથા તેમનો દીકરો તે ટ્રેકટર લઈને તેઓના ઘરે આવેલા, ટ્રેકટર તેઓના દીકરાએ ચલાવેલ. શો રુમ માંથી તેમને ટ્રેકટરને લગતા કોઈ કાગળો આપેલા ન હતા. આ અંબાલાલભાઈ તે જ દીવસે તેમના બાઈક ઉપર તેઓના ઘરે આવેલ, તેમને ઘરે ટ્રેકટર લઈને પહોંચ્યા, ત્યારબાદ કલાક દોઢ કલાકમાં અંબાલાલભાઈ તેઓના ઘરે આવેલા તે દીવસે તેઓને ત્યા ચા પીને અંબાલાલભાઈ નીકળી ગયેલા તેના ત્રીજા દીવસે અંબાલાલ ભાઈ અને બીજા એક ભાઈ એકજ બાઈક પર તેઓના ઘરે આવેલા, બીજો ભાઈ કોણ હતો તેને તેઓ ઓળખતા નથી. અંબાલાલભાઈએ તેઓની પાસે ટ્રેકટરના વીમા પાર્સીગ માટે રૂા. ૨૫૦૦૦/- માંગેલા તેઓએ તેમને કહેલું કે તેઓની પાસે આ રકમ નથી. ત્યારે તેમણે કહેલું કે, તેઓ તેમની કંપની તરફથી ટ્રેકટર પાર્સીગ કરાવી દઈસુ તેમ કહીને અંબાલાલભાઈએ તેઓની પાસેથી ટ્રેકટર માંગી લીધેલું. તેઓને ત્યાંથી અંબાલાલભાઈ તેઓનું ટ્રેકટર ચલાવીને નીકળેલા અને તેમની સાથે બીજો માણસ હતો તે બાઈક લઈને નીકળી ગયેલો. તેના બીજા દીવસે અંબાલાલભાઈ તેઓને ત્યાં બાઈક લઈને આવેલા અને ત્યારે અંબાલાલ ભાઈ એ કહેલુ કે ટ્રેકટરના રોકડા પૈસા વગર કંપની તમને ટ્રેકટર આપવાની ના પાડે છે. જેથી તેઓએ તેમને શરૂઆતમાં ટ્રેકટર લેતા સમયે આપેલા તે પૈસા તેઓએ તેમની પાસે પાછા માગેલા તો અંબાલાલાભાઈએ કહેલ કે હુ તમને દશેક દીવસ પછી પાછા આપીશ તેમ કહી અંબાલાલભાઈ તેઓને ત્યાંથી જતા રહેલા દશેક દીવસ થવા છતાં આ અંબાલાલભાઈ તેઓના વીસ હજાર રૂપિયા અને તેઓનું ચુંટણીકાર્ડ પાછા આપવા આવેલ નથી, તેઓ બે ત્રણ વખત જંત્રાલ અંબાલાલભાઈના ઘરે ગયેલા પરંતુ અંબાલાલભાઈ તેમને ભેગા થતા ન હતા. આમ કરતા કરતા

તેઓને દોઢ બે મહીનાનો સમય થઇ ગયેલો ત્યાર બાદ ફરી એક વખત તેઓ જંત્રાલ ગયેલા ત્યારે તેમને માત્ર બે કોરા ચેક અને ચુટણી કાર્ડ તેઓનું તથા તેમના જામીનદારનુ પરત કરેલુ. તેના છ એક મહીના પર થી તેઓના પર એલ એન્ડ ફાયનાન્સ કંપનીની નોટીસ આવેલી. અને તે કંપનીએ તેઓની ટ્રેકટરના હપ્તાની રકમની માંગણી કરેલ ત્યારે તેમને ખબર પડેલ કે આ અંબાલાલભાઇએ તેઓની એલ એન ટી ફાયનાન્સ કંપનીમાં તેઓની લોન 5F0L દીધેલ છે જે નોટીસ તેમને મળતા તેઓ અંબાલાલભાઈના ઘરે ગયેલ. તેઓ અંબાલાલ ભાઈને મળતા અંબાલાલભાઈ તેમને બોરસદ મુકામે લઈ ને આવેલા અને તેમને મૈસી ફરગ્યુશન ટ્રેકટર કંપની સર્વીસ અંગેની ઓફીસ જલારામબાપાના મંદિરની સામે આવેલ છે. ત્યા લઈ ગયેલા. અને ત્યા અંબાલાલે તેમને ચા પીવડાવેલી અને કાગળ પર સહી કરાવેલી અંબાલાલભાઈ એ એક કોરા કાગળ પર પાછળની બાજુ તેઓની સહી કરાવેલી કંપનીમાં તેઓ અને અંબાલાલભાઈ સિવાય બીજા બે ભાઈ હતા તે કોણ હતા તે તેઓ કહી શકે નહી. ત્યાર બાદ અંબાલાલભાઈએ તેમને કહેલ કે, તમારી પર કોઈ નોટીસ કાગળ આવસે નહી તેવુ કહેતા તેઓ તેમના ઘરે જતા રહેલા, ત્યારબાદ પાંચ છ મહીને ફરીથી તેઓની ઉપર નોટીસ આવેલ. આ નોટીસમાં પણ હપ્તાની રકમ બાબતનો ઉલ્લેખ હતો, જેથી તે નોટીસ લઈને વિરસદ પોલીસને અંબાલાલ ડાહ્યાભાઈ પર ફરીયાદ કરવા ગયેલો આ અંબાલાલ ભાઈ એ તેઓની સાથે ટ્રેકટર બાબતે જે છેતરપીડી કરી તે બાબતે ફરીયાદ કરવા ગયેલા, વિરસદ પોલીસે મારી ફરીયાદ લીધેલી નહી. ત્યાર બાદ બીજા દીવસે ફરીયાદ નામ.કોર્ટમાં દાખલ કરેલ, તેઓએ આ બનાવ સબધે આપેલ તે જ છે જે ક્રિ. તપાસ અરજી નં. ૩૯/૧૦ રજુ દાખલ આંક ૨૦ આપવામાં આવે છે. તેઓને એલ એન ટી ફાયનાન્સ તરફથી હપ્તા બાબતની નોટીસ આપેલ તે ટ્રેકટરના હપ્તા બાબતે આપેલ. આજરોજ તેમને તા. ૨-૧૨-૧૧ ની આપેલ નોટીસ પછી તેઓએ તેનો જવાબ આપેલ તે તેઓએ રજુ કરેલ છે. આરોપી નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર ફરીયાદીની ઉલટતપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અંબાલાલભાઇ ચીખોદરા ચોકડીએ ટ્રેકટર કંપનીમાં સેલ્સમેન તરીકે નોકરી

કરતા હતા, એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે ટ્રેકટર લઇ ગયા પછી કંપનીના નિયમ પ્રમાણે પાર્સીગ કરાવેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે પાર્સીગ નહી કરાવતા કંપનીના સેલ્સમેન તરીકે અંબાલાલ મારફતે કંપનીએ કબજો મેળવેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એલ એન ટી ફાયનાન્સે ટ્રેકટર લઇ ગયા વર્ષમાં મારી પાસે હપ્તાની માંગણી કરેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલની મે જે ફરીયાદ કરી તેની હકીકત મે કંપનીને ટ્રેકટર લઇ ગયેલાની વર્ષ દરમ્યાન નોટિસ આપેલી, તેના જવાબમાં આ ફરીયાદની હકીકત જણાવેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ચેક આપ્યા અંગે અને વીસ હજાર આપ્યા અંગે કોઇ લેખિત આધાર રજુ કરેલ નથી. ડી.એસ.પી. સાહેબને કયારે કઇ તારીખે ફરીયાદ કરી તે તેઓને હાલ યાદ નથી. એલ.એન.ડી ફાયનાન્સ વાળાએ ૨૦ થી ૨૫ જેટલી નોટિસો આપેલી, એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે એલ એન ટી કંપની વિરુધ્ધ કોઇ કેસ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારી ફરીયાદમાં કે પોલીસ જવાબમાં એવી હકીકત લખાવેલ નથી કે, તે સમયે અંબાલાલભાઇએ તેઓની પાસે ટ્રેકટરના વીમા પાર્સીગ માટે રૂા.૨૫૦૦૦/- માંગેલા, મે તેમને કહેલ કે મારી પાસે આ રકમ નથી. તે સિવાય સદર સાહેદને પુછવામાં આવેલ પ્રશ્નોનો સાહેદે ઇન્કારમાં જવાબ આપી પોતાની સોગંદ ઉપરની સરતપાસને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ.

(૮.૧) વધુમાં ફરીયાદપક્ષે આંક-૩૧ થી સાહેદ રાજેન્દ્રભાઇ મનોહરભાઇ ભાટીયાનાઓએ સોગંદ ઉપર જુબાની આપી જણાવે છે કે, તેઓ હાલ પેટ્રોલ ડિઝલ વેચવાની એજન્સી ધરાવે છે, સને ૨૦૧૧ માં તેઓ ટ્રેકટર લે વેચનો ધંધો કરતા હતા. તેઓની પોતાની મેસી ફગ્યુસન કંપનીની એજન્સી હતી જેની ડિલરશીપ સને ૨૦૦૫ માં લીધેલ, જેમાં કિરણભાઇ વિષ્ણુપ્રસાદ ઠાકરને મેનેજર તરીકે સને ૨૦૦૫ માં નિમણુક કરેલ, તેમની કામગીરી તેઓએ તેમને સોંપેલ, હાલની ફરીયાદ કોણે આપેલ છે તેની તેઓને ખબર નથી, હાલના ફરીયાદીને તેઓ ઓળખતા નથી. તેઓની કપંનીમાં કિરણભાઇએ આર્થીક વ્યવહારોમાં અનિયમિતતા દાખવેલી. આ નિયમીતતાની જાણ તેઓએ તેમની એજન્સીના હિસાબની તપાસ કરતા

જાણેલ કે, તેઓના મેનેજર કિરણભાઈએ લોકોની પાસેથી ટ્રેકટર માટે પૈસા લીધેલ તે કંપનીમાં જમા કરાવેલ નહી અને ખેડુતોને લોન રકમ ભરપાઇ કરી શકે નહી તો બારોબાર ટ્રેકટર વેચી દેવાનું પણ જાણવા મળેલ. કિરણભાઈએ કુલ રૂા.૩,૩૩,૦૦,૦૦૦/– ની ઉચાપત કરેલ, કિરણભાઈ મરણ ગયેલ છે, તેઓ આરોપીને ઓળખી બતાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે ફકત તેઓનું નામઠામ પુછેલુ, આ સિવાય બીજી કોઇ તેઓને જાત માહીતી નથી.

(૮.૨) વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ મનુભાઈ આશાભાઈ પરમારનાઓ સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, તેઓ પાણી વાળતા હતા ત્યારે બે ઈસમો આવેલ જેમાંથી એક ઈસમ ભારતભાઈ બાબુભાઈ પરમારનું ટ્રેકટર લઈને જતા રહેલા, ત્યારબાદ તેઓ ખેતરમાં જતા રહેલ, ત્યારબાદ શું થયેલ તેની તેઓને ખબર નથી. આ ટ્રેકટર એજન્ટ લઈ ગયેલ તેનું નામ શું હતુ તેની તેઓને ખબર નથી. પોલીસે મારી પુછપરછ કરેલી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે ફકત તેઓનું નામઠામ પુછેલુ, આ સિવાય બીજી કોઇ તેઓને જાત માહીતી નથી.

(૮.૩) વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૩ થી સાહેદ દિલીપભાઈ ભારતભાઈ પરમારનાઓ સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, તેઓ ઘાસચારો કાપતા હતા ત્યારે બે ઈસમો બાઈક આવેલ, જેમાંથી એક ઈસમ નામે અંબાલાલ ડાહ્યાભાઈ પરમારનાઓ હાલના ફરીયાદી ભારતભાઈ બાબુભાઈ પરમારનું ટ્રેકટર લઈને જતા રહેલા, એજન્ટે કે અંબાલાલભાઈએ તેઓની પાસે કોઈ આધારકાર્ડ કે ઓળખનો પુરાવો માંગેલ નહી. આ એજન્ટો ટ્રેકટર લઈ ગયા બાદ શું થયેલ તેની તેઓને ખબર નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે ફકત તેઓનું નામઠામ પુછેલુ, આ સિવાય બીજી કોઇ તેઓને જાત માહીતી નથી.

(૮.૪) વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ વિજયસિંહ સામંતસિંહ પઢીયાર તથા આંક–૩૫ થી સાહેદ કેસરીસિંહ અમરસિંહ ઠાકોરનાઓ સોગંદ ઉપર પુરાવો આપી કિરણભાઇએ ભારતભાઇનું ટ્રેકટર બીજા કોઇને વેચાી દીધેલાનું તેમજ હાલના બનાવમાં કોનું ટ્રેકટર કોણ લઇ ગયુ તેની તેઓને ખબર ન હોવાનુ જણાવેલ છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદો એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે ફકત તેઓનું નામઠામ પુછેલુ, આ સિવાય બીજી કોઇ તેઓને જાત માહીતી નથી.

(૮.૫) વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ નરસિંહભાઇ દલજીભાઇ ચૌધરીનાઓ સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, સને ૨૦૧૧ માં તેઓ ચિખોદ્રા ટ્રેકટર્સમાંથી કિરણભાઈ પાસેથી ટ્રેક્ટર લે–વેચનો ધંધો કરતા હતા, તેઓના ભાગીદાર શબ્બીરભાઇ ઇમામખાન જામત હતા અને તેઓ બંને ટ્રેકટર લે વેચનો ધંધો કરતા હતા. સને ૨૦૧૧ મા તેઓ ચીખોદ્રા ટ્રેકટર્સમાંથી ૪ નંગ મેસી કંપનીના ટ્રેકટર લઇ ગયેલા, જેનો નંબર હાલ યાદ નથી, એક ટ્રેકટરની કિંમત અઢી લાખ ગણી કુલ ચાર ટ્રેકટરની કુલ કિંમત દસ લાખ ગણી ચિખોદ્રા ટ્રેકટરના માલિક કિરણભાઈ પાસેથી લીધેલ. તેઓએ આ દસ લાખ રૂપીયા રોકડા આપેલ અને જે અંગેની પાવતી પણ આપેલ. આ ટ્રેક્ટરની આર.સી.બુક આજદિન સુધી આપેલ નથી, જે તે સમયે કુરીયર દ્વારા મોકલી આપેલાનું જણાવેલ. પોલીસે તેઓની પુછપરછ કરેલી, આરોપીને તેઓ ઓળખી બતાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસ અમારે ત્યાં કોઇ જવાબ લેવા આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આજરોજ કોર્ટમાં હાજર આરોપી નામે અંબાલાલ ડાહ્યાભાઈ પરમારને આજ પહેલા કોઇ દિવસ જોયેલ નહી અને ઓળખતા પણ નથી.

(૮.૬) વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૮ થી સાહેદ રમેશભાઇ પાચાભાઇ મકવાણાનાઓ સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, તેઓ સને ૨૦૧૦ માં વિરસદ પો.સ્ટેમાં હે.કો તરીકે ફરજ બજાવતા હતા તે વખતે વિરસદ ગુ.રજી.નં.૧/૧૦, ઈ.પી.કો. કલમ ૪૦૩,૪૦૬,૪૨૦,૪૨૪,૩૮૪,૧૨૦–બી,૧૧૪ મુજબનો ગુનો રજી.થયેલ અને તેની તપાસ પી.એસ.ઓ. ગુમાનસિંહ નાથાભાઇનાઓએ આપેલ. તપાસ મળતા તેઓએ સાહેદોના નિવેદન લીધેલ અને આરોપીને અટક કરી તેઓ રજા ઉપર ગયેલ હોઇ આગળની તપાસ તેઓએ કે.ડી. પ્રજાપતિ સાહેબને સોંપેલી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલના કામે કોઇ મુદામાલ કબજે કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે કોઇ દસ્તાવેજો કબજે કરેલ નહી.

(૮.૭) વધુમાં ફરીયાદપક્ષે આંક–૪૦ થી ત.ક.અમલદાર મુસ્તુફાભાઇ ગુલામનબીનાઓ સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, ઇ પી કો કલમ–૪૦૬, ૪૨૦,૪૦૩,૪૨૪,૩૮૪,,૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ જે ગુનાની આગળની તપાસ એ.એસ.આઇ. રમેશભાઇનાઓએ અમોને સોંપતા અમે તપાસ સંભાળી લીધેલી અને સદર કામે તો.દાર–૨–કીરણભાઇ વિષ્ણુપ્રસાદ ઠાકરનાઓને બીજા ગુનામા જેલમા હોઇ તેઓને અમોએ ટ્રાન્સફર વોરંટથી મેળવવા ગયેલ ત્યારે વડોદરા સેન્ટ્રલ જેલ માંથી જણાવલે કે તેની પરીસ્થીતી બરાબર ન હોઇ તેઓને હાલ મા તમોને સોંપી શકાય તેમ નથી. જે અંગે તેઓશ્રીએ અમોને લેખીત મા આપેલ જે અમે સામેલ રાખેલ, ત્યારબાદ આરોપી નં–૧ વિરુધ્ધ પુરતો પુરાવો હોઇ ના. કોર્ટ મા ચાર્જશીટ કરેલુ. આરોપી આજરોજ ના. કોર્ટમા હાજર છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે કોઇ મુદામાલ કબજે કરેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલના કામે કોઇ દસ્તાવેજો કબજે લીધેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદ વંચાણે લેતાં નાણાકીય લેતીદેતીની ફકત તકરાર હતી.

(૮.૮) વધુમાં ફરીયાદપક્ષે આંક–૪૧ થી સાહેદ કે.ડી.પ્રજાપતિનાઓ સોગંદ ઉપર પુરાવો આપી જણાવે છે કે, તેઓ સને ૨૦૧૧ માં પી.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઇ.પી.કો. કલમ ૪૦૩,૪૦૬,૪૨૦,૪૨૪,૩૮૪,૧૨૦–બી,૧૧૪ મુજબનો ગુનો રજી.થયેલ અને તેની તપાસ રમેશભાઇ પાચાભાઇનાઓએ કરેલી અને તેઓએ ફરીયાદી તથા સાહેદોના નીવેદનો લીધેલા અને આરોપીને અટક કરેલ અને સદર કામે તેઓને તપાસ મળતા તેઓએ સાહેદ નરસિંહભાઇ ધનજીભાઇનું નીવેદન લીધેલુ. આ સિવાય તેઓએ બીજી કોઇ કામગીરી કરેલ નહી. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સદર ફરીયાદ ના.કોર્ટના ૧૫૬(૩) ના હુકમને આધીન નોંધાયેલ.

(૯) હાથ ઉપરના કેસમાં એ હકીકત સ્વીકૃત છે કે, આરોપી વિરુધ્ધ ઇ.પી.કો ની કલમ–૪૦૬ મુજબના ગુનાનો આક્ષેપ થયેલ છે પરંતુ ઇ.પી.કો.ની કલમ–૪૦૬ એ ગુનાહિત વિશ્વાસઘાત બાબતે સજાની જોગવાઇ દર્શાવે છે જયારે ગુનાહીત વિશ્વાસઘાતની વ્યાખ્યા ઇ.પી.કો.ની કલમ–૪૦૫ માં કરવામાં આવેલ છે. હાથ ઉપરના કેસમાં ફરીયાદીની પોતાની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ સ્વીકાર કરેલ છે કે, આરોપી ટ્રેકટર કંપનીમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા, આ સ્થીતી ધ્યાને લેવામા આવે તો આ કામના આરોપી ટ્રેકટરના શો રુમમા નોકરી કરતા હતા અને આરોપીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓને ટ્રેકટર મળેલ અને તે ટ્રેકટર તેઓ લઇ ગયેલા અને પાંચથી સાત દિવસ પોતાની પાસે રાખેલ. આ ઉપરાંત એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ ટ્રેકટરનુ પાસીગ નહી કરાવતા હાલના આરોપીએ સેલ્સમેન તરીકે કંપની વતી ટ્રેકટરનો કબજો પરત મેળવેલ આ ઉપરાંત ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ટ્રેકટર એલ.એન્ડ ટી ફાયનાન્સ કંપનીમાંથી લોન મેળવી લેવામાં આવેલ અને તેના બે હપ્તા આરોપીએ ભરેલા. આ ફરીયાદીની પોતાની કબુલાત વંચાણે લેવામાં આવે તો એ હકીકત સ્વીકૃત થાય છે કે, હાલના આરોપી માત્ર સેલ્સમેન

તરીકે કામ કરતા હતા અને ફરીયાદીના કથન મુજબ તેઓએ જે રકમ આપેલ તે રકમ શો રુમમાં જમા થયેલ અને તેના આધારે એલ એન્ડ ટી ફાયનાન્સમાંથી લોન કરી ફરીયાદીને ટ્રેકટર આપવામાં આવેલ અને તે ટ્રેકટર ફરીયાદી પોતે લઇ ગયેલ અને ત્યારબાદ પાર્સીગ નહી કરાવી શો રૂમ ધ્વારા સદર ટ્રેકટરનો કબજો પરત લેવામાં આવેલ, ત્યારબાદ હાલના આરોપીએ ફરીયાદી પાસેથી કોઇ રકમ મેળવેલ હોય અને ફરીયાદીએ તે રકમ આરોપીને આપેલ હોય અને આરોપીએ તે રકમનો અંગત ઉપયોગ કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી અને જયારે ઇ.પી.કો.ની કલમ–૪૦૫ ના આવશ્યકત તત્વો પુરવાર થતા ન હોય ત્યારે ઇ.પી.કો.ની કલમ–૪૦૬ મુજબની શિક્ષાને પાત્ર ગુનો આરોપીએ આચરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. તે જ રીતે ફરીયાદીએ પોતે સ્વીકાર કરેલ છે કે, હાલના કામે આરોપીને રૂા.૨૦,૦૦૦/– આપેલ હોવાનો કોઇ લેખીત પુરાવો રજુ કરેલ નથી. આ ઉપરાંત ફરીયાદીનો અન્ય આક્ષેપ એવો છે કે, આરોપીએ તેઓ પાસેથી રૂા.૨૫,૦૦૦/– પાર્સીગ માટે માંગેલા પરંતુ આ બાબતે તેઓએ પોતાની ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ સ્વીકાર કરેલ છે. આ ઉપરાંત તેઓએ એલ એન્ડ ટી કંપની સામે કોઇ કેસ ન કરેલ હોવાનું પણ સ્વીકારેલ છે. આ સ્થીતી ધ્યાને લેવામાં આવે તો ખરેખર આરોપીની ભુમીકા મધ્યસ્થી તરીકેની છે અને તેઓ માત્ર સેલ્સમેન તરીકે કામ કરતા હતા. જો આરોપીએ રકમ મેળવીને ફરીયાદીને ટ્રેકટર આપેલ ન હોય તો આરોપીએ ગુનો આચરેલ હોવાનું માની શકાય પરંતુ તેમ થયેલ નથી.

(૧૦) ઇ.પી.કો.ની કલમ–૪૨૦ ની શીક્ષાને પાત્ર ગુના બાબતે વિચારણા કરવામાં આવે તો તે ગુનાની શિક્ષાની જોગવાઇ કરે છે, જયારે છેતરપીડીની વ્યાખ્યા ઇ.પી.કો કલમ–૪૧૫ માં આપવામાં આવેલ છે. હાથ ઉપરના કેસમાં એ હકીકત સ્વીકૃત છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ટ્રેકટર મેળવી લીધેલ હોવાનું ફરીયાદીનુ કથન છે પરંતુ તે ટ્રેકટરનો કબજો આરોપી જે શો રૂમમાં નોકરી કરતા હતા તે શો રુમમાંથી ફરીયાદીને ટ્રેકટર આપવામાં આવેલ અને ફરીયાદીએ પાર્સીગ નહી કરાવતા તે ટ્રેકટર શો રુમ ધ્વારા પરત લેવામાં આવે અને હાથ ઉપરના કેસમાં એવો કોઇ પુરાવો

રજુ થયેલ નથી કે ફરીયાદી પાસેથી આરોપીએ ટ્રેકટર મેળવેલ અને તે ટ્રેકટર શો રુમમમાં આપેલ નથી, ત્યારે આરોપીએ ફરીયાદી સાથે કોઇ છેતરપીંડી કરી કોઇ મીલ્કત મેળવી લીધેલ હોય તેવી હકીકત પણ પુરવાર થતી નથી. આ ઉપરાંત મહત્વની બાબત એવી છે કે, આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.ની કલમ-૪૦૩ મુજબના ગુનાનો આક્ષેપ રહેલ છે પરંતુ ઇ.પી.કો ની કલમ-૪૦૩ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષના પુરાવાથી આરોપીએ જે ટ્રેકટર ફરીયાદી પાસેથી મેળવેલ તે ટ્રેકટર શો રુમમાં આપેલ છે અને ફરીયાદી એવુ સમજીને ફરીયાદ કરેલ છે કે, રૂા.૨૦,૦૦૦/- માં તેઓએ ટ્રેકટર ખરીદેલ અને તે ટ્રેકટર આરોપીએ લઇ લીધેલ. પરંતુ ફરીયાદપક્ષ તરફથી એવો કોઇ પુરાવો રજુ કરેલ નથી કે, આરોપી પાસે સદર ટ્રેકટર રહેલ છે કે આરોપીએ તે ટ્રેકટર અન્ય કોઇને વેચાણ કરી દીધેલ. જયાં સુધી એલ એન્ડ ટી કંપનીના ફાયનાન્સની બાબત છે અને તે કંપની ધ્વારા ફરીયાદીને હપ્તા બાબતે માંગણી કરવામાં આવેલ હતી તો તે બાબત ફરીયાદીએ આ અદાલત સમક્ષ પુરવાર કરવી જોઇએ પરતુ તેમ થયેલ નથી. આ ઉપરાંત આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.ની કલમ-૩૮૪ મુજબના ગુનાનો આક્ષેપ છે, પરંતુ આરોપીએ ફરીયાદી પાસેથી કોઇ મીલ્કત બળજબરીથી પડાવી લીધેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી, કારણ કે જે ટ્રેકટર ફરીયાદી પાસેથી આરોપીએ લીધેલ તે ટ્રેકટરના શો રુમના સેલ્સમેન તરીકે શો રુમ વતી કબજો મેળવેલ છે ત્યારે આરોપીએ ફરીયાદી પાસેથી બળજબરીથી મીલ્કત પડાવી લીધેલાની હકીકત પુરવાર થતી નથી. આ ઉપરાંત આરોપી વિરુધ્ધ ઇ.પી.કો કલમ-૪૨૪ ના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ હતો, પરંતુ એ હકીકત સ્વીકૃત છે કે, હાથ ઉપરના કેસમા આ કામના ફરીયાદી ટ્રેકટરના માલીક હોય અને તે ટ્રેકટર આરોપીએ બળજબરીથી પડાવી લીધેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર થયેલ નથી. સમગ્ર વ્યવહાર ધ્યાને લેવામાં આવે તો આરોપી સેલ્સમેન તરીકે કામ કરતા હતા અને શો રુમના માલીક ધ્વારા સોંપવામાં આવેલ જવાબદારીના ભાગરુપે ફરીયાદીએ ટ્રેકટરનું પાસીંગ ન કરી તે ટ્રેકટર પરત લઇ શો રુમમાં આપેલ ત્યારે ઇ.પી.કો.ની કલમ-૪૨૪ મુજબનો ગુનો પુરવાર થતો નથી. તેવી જ રીતે આરોપી અને એલ.એન્ડ ટી ફાયનાન્સ કંપની અને આરોપી તથા શો રુમના માલીકનાઓએ કોઇ કાવતરુ

રચી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય તેવી હકીકત પણ પુરવાર થતી નથી અને ફરીયાદી સીવાય અન્ય કોઇ સાહેદ ધ્વારા ફરીયાદીની ફરીયાદને સમર્થન કરેલ નથી કે આરોપીએ ગુનો આચરેલ હોવાની હકીકત પુરવાર થયેલ નથી. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને તેમાં શંકા ઉપસ્થીત થાય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. પુરાવાની ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો સમગ્ર કેસ શંકાસ્પદ છે. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોવાનું આ અદાલતનું માનવુ છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-: આખરી હુકમ :-**

(૧) આ કામના આરોપી અંબાલાલ ડાહ્યાભાઈ પરમાર, રહે.જંત્રાલ, ખોડીયાર સીમ, તા.બોરસદ, જી.આણંદનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) મુજબ ઇ.પી.કો કલમ-૪૦૬, ૪૨૦, ૪૦૩, ૪૨૪, ૩૮૪, ૧૨૦(બી),૧૧૪ અન્વયેના સજાને પાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) ની જોગવાઇ મુજબના સમયના સુધીના નવા જામીન સ્વીકારવામાં આવેલ છે.

હુકમ આજ તારીખ ૮ મી, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬ (ડી.એલ.ઠાકોર)

મુ.બોરસદ. એડીશ્નલ ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

બોરસદ.

કોડ નં.જીજે૦૦૮૯૩

એ.એમ.પઠાણ
ગુજરાતી સ્ટેનોગ્રાફર